ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




"સાંભળ્યો ધડાકો..? બહેને બોમ્બ ફોડ્યો..."

"ઓ...હો આનંદીબેન અમીતભાઈને પત્ર લખે એને તમે બોમ્બ કહો છો..?, ધડાકો ગણો છો..?"

"હું તો સાહેબ રહ્યો સીધો સાદો માણસ. પત્ર લખવાનું કારણ શું ? અને ચોથીનો પત્ર આજે કેમ મીડિયામાં આયો ? ત્રીજીએ તો હાઈકમાન્ડ સાથે બે કલાક બંધ બારણે ચર્ચાઓ કરી હતી. એટલે આ પત્ર નારાજગી નથી બતાવતો..?"

"તમેય જોયા જાણ્યા વગર ધીબે જ રાખો છો... આનંદીબેનને ચૂંટણીમાં મહત્વની જવાબદારીઓ આપવાની છે એવી ચર્ચાઓ છે અને પાર્ટી સામે ઉભા થયેલા પડકાર ઝીલવાની તાકાત એમની પાસે જ છે એ પાર્ટીએ જાણે છે અને હાઈ કમાન્ડ પણ જાણે છે."

"ના ના સાહેબ... બાળકોની જેમ પટાવો નહી. આનંદીબેને સીધીસટ્ટ નારાજગી વ્યક્ત કરી છે કે પંચોતેર વર્ષની વય મર્યાદાને બહાને મને મુખ્યમંત્રી તરીકે રાજીનામાની ફરજ પડાઈ હતી એ જ મુદ્દાસર મારે હવે ચૂંટણી નથી લડવી. અને ચોથીનો લખેલો પત્ર નવમીએ એટલા માટે જ લીક કરાયો કે પ્રધાનમંત્રીનો પ્રવાસ સુખરૂપ પતે અને કોઈ રાજકીય વિવાદ ન થાય એ જ હેતુ હતો ને..?!"

"આ પૃથ્થકરણ તમારો શોખ છે અને તમારી ટેવ છે. બાકી આનંદીબેન અમારા નેતા હતા, છે અને રહેશે..."

"...હા ભઈ હા... અમે ક્યાં ના પાડીએ છીએ. નેતા નહી બહાદુર નેતા અને એમના જેવી વહીવટી સુઝ સમજ તમારે ત્યાં છે જ કોનામાં..? પણ બેનના આ પત્રથી ભાજપમાં ભૂકંપ સર્જાયો છે એ વાત તો તમારે માનવી જ પડશે."

"ભૂકંપ-બૂકંપ કાંઈ નથી. બહેને વિનયપૂર્વક પોતાની લાગણી રજૂ કરી છે અને રાજકારણમાં તો આવુ બધુ ચાલ્યા જ કરે. એમાં તો તમે આટલો ઉપાડો શેનો લીધો છે..?"

"હા એ તો અમનેય ખબર છે કે રાજકારણમાં આવુ બધુ ચાલ્યા કરે. પણ તમારાવાળા એવુ માને છે કે અમારે ત્યાં લોખંડી શિસ્ત. હાઈ કમાન્ડની મંજુરી વિના પાંપણ પણ ના ફરકાવી શકાય. એટલે તમને આ સંભળાવુ છું."

"ખબર છે અમનેય. તમારે ત્યાં કેવા કેવા ખેલ થાય છે.., કોણ કોને પાડી દેવા.., કેવી સાજીશો રચે છે એ બધુ પ્રજાને ખબર નથી કે સુફિયાણી વાતો કરો છો.."

"સાહેબ હું જાણુ છુ. રાજકારણ ગંદી રમતોનો અખાડો બનતો જાય છે અને એટલે જ..!!"

"હા... એટલે જ પ્રજા રાજકારણીઓને મજાક ગણે છે. કોઈ ગંભીરતા જ નથી ક્યાંય પણ... રાજકારણી એટલે ખોટુ બોલતા આવડતુ હોય... છેતરતા આવડતુ હોય... ગુન્હેગારોને છાવરતા આવડતુ હોય.... દંભ-કેખાડો કરતા આવડતું હોય..."

"... આ જ ચિંતાનો વિષય છે. સારા લોકો રાજકારણથી દૂર થતા જાય છે. સ્વચ્છ પ્રતિભાઓ શોધવાની કામગીરીમાં પક્ષો ઉણા ઉતરતા જાય છે. પ્રમાણિક અને નિષ્ઠા રાજકારણથી રીસાઈને ભાગી ગઈ છે. ત્યારે એક સામાજિક પડકાર ઉભો થયો છે."

"હા, સૌએ સાથે મળી સામાજીક પડકાર જીલવા તત્પર બનવું જોઈએ..."

**- નિમિત્ત માત્ર**



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે સીટી બસ અને સે. ૨૮ ખાતે નવી મીની ટ્રેનનું લોકાર્પણ તથા સે. ૬ ખાતે સીટી બસ સ્ટેન્ડ તેમજ મુક્તિધામ ખાતે સ્ટાફ ક્વાટર્સનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું તે પ્રસંગે લેવાયેલ તસવીર.

# ફાયરબ્રિગેડની કચેરીને તોડી નવી બનાવવાનો સૈદ્ધાંતિક નિર્ણય

**પ્રાથમિક અંદાજ ૨૦ કરોડ જેટલો : ચાર મજલાની ઈમારત અને આધુનિક સુવિધાઓ તેમજ સ્ટાફ ક્વાટર્સ પણ નવા બનાવવા બાબતે ચર્ચાઓ થઈ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ ગાંધીનગર ફાયર બ્રિગેડની જૂની ઓફિસ તોડી નવી ઓફિસ રૂ. ૨૦ કરોડના ખર્ચે નિર્માણ કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે.

આજે મહાનગરપાલિકા ખાતે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૩૦ વર્ષ કરતાં પણ વધુ જૂની ઈમારત હોવાથી તેમજ સ્ટાફ ક્વાટર્સ પણ જર્જરિત બની ગયા હોવાથી નવા બનાવવા અંગે ખૂબ જ વિસ્તૃત ચર્ચાઓ આજની બેઠકમાં થઈ હતી.

આ બેઠકમાં ફાયર સ્ટેશન માટે ૧૧ હજાર ચો.મી.નો વિશાળ પ્લોટ હોવાથી વધુ આધુનિક સુવિધાઓ સાથે નવુ બિલ્ડીંગ ૪ મજલાનું બનાવવુ અને તે માટેની નવી ડિઝાઈન સાથેના અંદાજો તૈયાર કરવા માટે જણાવવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ફાયર સ્ટેશન નજીક જ આવેલા સ્ટાફ ક્વાટર્સ પણ જુના અને જર્જરિત બન્યા હોવાથી તેને નવા બનાવવ જરૂરી બન્યા છે.

પ્રાથમિક અંદાજ પ્રમાણે રૂ. ૨૦ કરોડ જેટલો જંગી ખર્ચ થવાની સંભાવનાઓ છે. આ બિલ્ડીંગમાં બધી જ આધુનિક સુવિધાઓ ઉભી કરવામાં આવે તેમજ તેના વધારાના બિલ્ડીંગમાં મનપાની અન્ય કચેરીઓ પણ બેસી શકે તે રીતે આવી ડિઝાઈન તૈયાર કરવા તંત્રને જણાવવામાં આવ્યું છે.

આજની સ્થાયી સમિતિમાં બીજા પણ બે-ત્રણ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# સેક્ટર-૨૮ બાલોદ્યાનમાં મીની ટ્રેઈનનો પાવો ગાજ્યો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં સે. ૨૮ના બાલોદ્યાનનું સંચાલન મનપાએ સંભાળ્યા બાદ બંધ મીની ટ્રેઈનનો આજથી આરંભ કરવામાં આવ્યો છે.

નવી ફેમિલી એમ્બ્યુઝમેન્ટ ટ્રેઈનમાં ૦૫ એચ.પી.નું એન્જીન, ૫ બોગી રહેશે. એક બોગીમાં ૧૮ પેસેન્જરની ક્ષમતા રહેશે. આમ એક ટ્રીપમાં ૯૦ મુસાફરો સમાવવામાં આવશે. દિપાવલીના વેકેશનમાં બાલોદ્યાનમાં પુનઃ મીની ટ્રેઈન કાર્યરત થતાં જ નગરજનોમાં ખુશીનો માહોલ છવાયો છે.

મળતી વિગતો પ્રમાણે નવી ફેમિલી એમ્યુઝમેન્ટ ટ્રેઈનનું વર્ક ઓડરથી ૫ વર્ષ સુધી બિલ એન્ડ સપ્લાય મુજબ મરામત અને જાળવણી કંપનીએ કરવાની રહેશે તેમજ ફેબ્રીકેશનની જવાબદારી પણ બે વર્ષ સુધી કંપનીના શિરે રહેશે.

# આનંદીબહેન પટેલના ચૂંટણી નહિં લડવાના નિર્ણયથી ભાજપમાં હડકંપ

**મને ક્યારેય પક્ષે કંઇ કહ્યું નથી,પક્ષની ૭૫ વર્ષની પોલીસીને કારણે ચુંટણી નથી લડવી, ઘાટલોડીયા બેઠક પરથી કોઇ સ્થાનિકને ટીકીટ આપવા અપીલ કરી, યુવા નેતૃત્વને આગળ કરવા ભાર મુક્યો**

ગાંધીનગર,તા.૯

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ફેસબુક પર રાજીનામું આપી બધાને ચોંકાવી દીધા હતા, ત્યારે તાજેતરમાં જ આનંદીબેન પટેલે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પત્ર લખી પોતે ચૂંટણી લડવા ન માગતા હોવાનું જણાવ્યું હતું. પત્રમાં આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, હવે ૭૫ થયા છે. મને ક્યારેય ભાજપ પક્ષે કંઈ કહ્યું નથી, પરંતુ હવે મારે ચૂંટણી લડવી નથી.



હું છેલ્લા ૩૧ વર્ષથી પાર્ટીમાં કામ કરી રહી છું. પાર્ટીએ મને મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષથી શરૂ કરી રાજ્યસભા સાંસદ અને ત્યારબાદ ચારવાર વિધાનસભા માટે મને તક આપી. માંડલ વિધાનસભા વિસ્તાર તદ્દન નવો વિસ્તાર હતો. કાર્યકર્તાઓએ મને સ્વીકારી જીતાડી અને પ્રજાની સેવા કરવાની તક મળી. ત્યારબાદ પાટણ વિધાનસભામાં ૧૦ વર્ષ (૨ ટર્મ) સુધી કાર્યકર્તાઓના સાથ અને સહકારથી પાટણનો વિકાસ કરવાનો મોકો મળ્યો. આ તમામ ગ્રામ્ય વિસ્તારો હતા. જ્યાં મારું કોઈ નેટવર્ક કે સગાઓ પણ ન હતા. પરંતુ મજબુત સંગઠન અને કાર્યકર્તાઓના ભરોસે, મહેનતે પાર્ટીને જીત મળી.

છેલ્લે ઘાટલોડીયા મતવિસ્તાર કે જે શહેરી ક્ષેત્ર હતો. કાર્યકર્તાઓની સેના હતી. પાર્ટીનો મજબુત જનાધાર હતો. તેથી મારે કોઈ વધારે મહેનત ન કરવી પડી. આમ, જુદા-જુદા ત્રણ વિસ્તારોમાં પાર્ટીએ મને ટિકિટ આપી અને ચારવાર જીતાડી પણ ખરી. જેને કારણે ગુજરાતની પ્રજાની સેવા કરવાની તક મળી. મારાથી જેટલું શક્ય બન્યું તેટલું કામ કર્યું.

પાર્ટીએ ગુજરાતમાંથી પ્રથમવાર એક મહિલાને મુખ્યમંત્રી બનવાની તક આપી. સવા બે વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે કામ કરતાં ઘણું શીખવાનું મળ્યું છે. પાર્ટી અને કાર્યકર્તાઓએ મને ખૂબ પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું છે. ગુજરાતની પ્રજાએ મને અસીમ પ્રેમ આપ્યો છે. પ્રજાનો આ પ્રેમ હું કદી ભુલી શકીશ નહીં.

● અનુસંધાન પાન-૭ પર



ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે આજથી બે દિવસ માટે ભારતીય ચૂંટણી પંચની કમિટી ગુજરાતની મુલાકાતે આવી છે. આજરોજ આ કમિટમાં ગુજરાત ખાતે આવેલા મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી એ.કે.જોતિના હસ્તે ઈવીએમ અને વીવીપેટની મતદારાને જાગૃતિ આપતી વાનનું આજરોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું.

# કેપિટલ સ્ટેશન પર મેગાબ્લોકના પગલે ૨૨ નવેમ્બર સુધી ટ્રેઈન સેવા બંધ

**હોટલ પ્રોજેક્ટની કામગીરને અનુલક્ષી ઇન્દોર, આણંદ, દાહોદની મેમુ બંધ : રેલવે સ્ટેશન પર મુસાફરોને જાણકારી મળે તેવી કોઇ વ્યવસ્થા ન હોવાથી આક્રોશ**

ગાંધીનગર તા ૯

કેપિટલ સ્ટેશનને અનુલક્ષી કરોડો રૂપિયાનો હોટલ પ્રાજેક્ટનુ કામ હાથ ધરાયુ છે. બીજીતરફ સ્ટેશન વિકાસની વાતો સાથે કેપિટલ સ્ટેશનને એકપણ નવી ટ્રેઈનો ફાળવવામાં આવી નથી. ત્યારે હાલની સ્થિતિએ રોજબરોજ દોડતી ટ્રેઈન સેવામાં પણ કાપ આવી ગયો છે. હોટલની કામગીરીના લીધે મેગાબ્લોકના કારણે આગામી તા ૨૨ નવેમ્બર સુધી ગાંધીનગર ઈન્દોર તેમજ આણંદ દાહોદની મેમુ ટ્રેઈનને બંધ કરવામાં આવી છે. જો કે આ મામલે કોઈપણ પ્રકારની માહીતી પણ સ્ટેશન પર મુકવામાં આવી નથી જેના લીધે મુસાફરોએ અણીના ટાઈમે મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

કેપટિલ સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ગાંધીનગર રેલવે સ્ટેશન પરથી હજુ પુરતી ટ્રેઈનો દોડતી નથી. બીજીતરફ સ્ટેશન પર હાલ રોજ અવરજવર કરતી ટ્રેઈન પણ બંધ કરી દેવાઈ છે. કેપિટલ સ્ટેશનને વિકસાવવા માટે કરોડો રૂપિયાના ખર્ચે હોટલ બાંધવાના પ્રોજેકટનુ કામ ચાલી રહયુ છે. રૂ ૨૫૦ કરોડના આ તોતિંગ પ્રોજેકટને અનુલક્ષી ગાંધીનગર રેલવે સ્ટેશન પર મેગાબ્લોકના લીધે આગામી તા ૨૨ નવેમ્બર સુધી ટ્રેઈન બંધ કરવામાં આવી છે. જો કે પ્લેટફોર્મ નં-૧ પર હવે અમદાવાદ હરિદ્વાર, મુંબઈ દિલ્હી ગરિબ રથ અને અમદાવાદ વડોદરા મેમુ ગાંધીનગરથી નિયમિત મળી રહેશે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે રજુઆતમાં જણાંવ્યા મુજબ મેગા બ્લોકને ધ્યાને લઈ ગાંધીનગર ઈન્દોર તેમજ આણંદ દાહોદ જતી મેમુબ્લોક દરમિયાન બંધ કરવામં આવી છે. જયારે રેલવે સ્ટેશન પર આ અંગે કોઈ માહીતી આપવામાં આવી નથી. સ્ટેશન પર મુસાફરોની જાણકારી માટે કોઈ બોર્ડ પણ લગાવાયુ નથી. જેના લીધે યાત્રિકો સ્ટેશન સુધી પહોંચી નિરાશ થઈને પરત ફરે છે. બીજીતરફ અમદાવાદથી પણ આ ટ્રેઈનો મળે નહીં તેવી સ્થિતિમાં મુકાય છે. જેનુ નિવારણ લાવવા પણ મહામંડળે માંગ કરી છે. મુસાફરોને યોગ્ય રેલસુવિધા મળે તે માટે વધારાની ટ્રેઈનો ફાળવવા પણ મેગાબ્લોકના અંતે આયોજન કરવા માંગ ઉઠવા પામી છે.

# જિલ્લામાં ૪૮૯ મતદાન મથકો ક્રિટીકલ કેટેગરીમાં

**૧૮૯ બુથ નવા બનશે : પાંચેય બેઠકોના કુલ ૧૩૩૯ બુથ : ફ્લાઈંગ સ્કવોડ, રેપીડ રિસ્પોન્સ ટીમ અને સ્ટ્રેટેજીક સર્વેલન્સ માટેની ટીમો પણ રચી દેવાઈ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચેય બેઠકોમાં ૪૮૯ મતદાન મથકો સંવેદનશીલ અને અતિસંવેદનશીલ કેટેગરીમાં આવે છે.

જિલ્લાતંત્ર દ્વારા ચૂંટણીના અગાઉના અનુભવોને ધ્યાને રાખી આ મતદાન મથકો તારવ્યા છે. જો કે ચૂંટણી જાહેર થયા પછી અને ઉમેદવારો ઘોષિત થયા પછી તેમાં હજુય ફેરફાર થવાની સંભાવનાઓ રહેલી છે.

જિલ્લામાં પાંચેય બેઠક પર ૧૩૩૯ મતદાન મથકો આવેલા છે. ગત વિધાનસભાની ચૂંટણી કરતાં તેમાં ૧૮૯ જેટલા નવા બુથ ઉમેરાયા છે તે પણ નોંધનીય છે. આના કારણે ગત ચૂંટણી કરતાં આ ચૂંટણીમાં મતદાન મથકો સંવેદનશીલ અને અતિસંવેદનશીલ કેટેગરીમાં વધવા પામ્યા છે.

જિલ્લામાં નિષ્પક્ષ ચૂંટણીઓ યોજી શકાય તે માટે તંત્રના અંદાજ પ્રમાણે ૮ હજારથી વધુ કર્મચારીઓની જરૂર પડશે. વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ વી.વી.પેટ સાથે યોજવાની હોવાથી કર્મચારીઓની સંખ્યામાં થોડોક વધારો થવા પામ્યો છે.

બે નંબરી ખર્ચ પર નિયંત્રણ માટે તંત્ર દ્વારા ફ્લાઈંગ સ્કવોડ તેમજ નાકાબંધી પણ અમલી બનાવવામાં આવનાર છે. મળતી વિગતો પ્રમાણે દરેક વિધાનસભા દીઠ ત્રણ ત્રણ ફ્લાઈંગ સ્કવોડની ટીમો રચાશે તેમજ સ્ટેટેજીક સર્વેલન્સ માટે પણ ખાસ ટીમો રચવામાં આવી છે. આમાં પોલીસ, મહેસુલ તેમજ અન્ય વિભાગના અધિકારીઓને સમાવવામાં આવ્યા છે.

ચૂંટણી માટે તંત્રએ ૧૭ જેટલા નોડલ ઓફિસરોની નિયુક્તી કરી છે. જે માટે પણ સતત કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો નિયત થઈ ગયા બાદ વનરેબલ મતદાન મથકો માટે ખાસ રેપીડ રિસ્પોન્સ ટીમ પણ બનાવવામાં આવશે અને તે જિલ્લાના વડામથકે રહેશે તેમજ દરેક તાલુકા મથકે પણ ટીમ તૈનાત રહેશે.

# પેથાપુરમાં ભાજપની ગૌરવ યાત્રાનું સ્વાગત

**પેથાપુરમાં ડમ્પીંગ સાઇટ ઉભી કરવાનો નિર્ણય મોકુફ રખાયો : ગૌરવયાત્રાના સ્વાગત ટાંણે ટીકીટના દાવેદારો અને કોર્પોરેટરોની સુચક ગેરહાજરી વર્તાઇ : સ્વાગત યાત્રામાં વિશેષ ભીડ ન જોવા મળી**

ગાંધીનગર તા ૯

પેથાપુરમાં ગઈકાલે ગૌરવયાત્રાના સ્વાગત દરમિયાન યોજાયેલી જાહેરસભા દરમિયાન ગામમાં ડમ્પીંગ સાઈટ ઉભી કરવાના નિર્ણયને મોકુફ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે ગૌરવયાત્રાના સ્વાગતમાં સ્થાનિક કોર્પોરેટરો તેમજ ટીકીના દાવેદારોની સુચક ગેરહાજરી પણ વર્તાઈ હતી. કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રુપાલાએ કોંગ્રેસના શાસનમાં પાણી ગટર , રસ્તા તેમજ શિક્ષણની કથળેલી સ્થિતિની આકરા શબ્દોમાં ટીકા કરી હતી.

પેથાપુરમાં પહોંચેલી ભાજપની ગૌરવ યાત્રાનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. સાંજે ૭ વાગ્યે યાત્રા



કડીથી છત્રાલ થઈને રાત્રિના ૯ કલાકે કલોલ પહોંચી હતી. કલોલમાં પ્રદેશ ભાજપના મહમંત્રી કે સી પટેલ પણ જોડાયા હતા. ગૌરવ યાત્રામાં ૩૦ જેટલી કાર તેમજ યુવા મોરચાના યુવાકાર્યકરો બાઈક લઈનો જોડાયાહતા.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com